# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩ તા.૧૫-૦૬-૨૦૨૪

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા School Safety Policy 2016 નો ચૂસ્ત અમલ કરવા અને ફાયર સેફટી સુનિશ્ચિત કરવા બાબત

સંદર્ભ :- ૧. ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/ફાયર સેફટી/૨૦૨૪/૧૦૭૦-૧૧૬૧ તા.૨૯-૦૫-૨૦૨૪
૨. મઉમસબ/શા.નિ./૨૫૮૫૦-૨૫૯૩૧ તા.૧૫-૦૬-૨૦૨૪નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, આગામી શૈક્ષણિક સત્ર કાર્યરત થઈ થયેલ છે. શાળાઓમાં કોઈ દુર્ઘટના ના ઘટે તે માટે ફાયર સેફટી અંગેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચનો અને માર્ગદર્શન મુજબ આવશ્યક સાવચેતીના પગલાં ભરવા તેમજ નીચે દર્શાવેલ સૂચનોનું પાલન કરવા જણાવવામાં આવે છે

(૧) સંદર્ભિત પત્ર-૧ મુજબ આપેલ પ્રમાણપત્રનો નમુનો પ્રમાણપત્ર-૧ મુજબ ૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉંચાઈ ધરાવતી શાળાએ સેલ્ફ ડીકલેરેશન પ્રમાણપત્ર ઝોનના મદદનીશ શાસનાધિકારીને ફરજીયાત મોકલી આપવાનું રહેશે.

(૨) સંદર્ભિત પત્ર-૧ અને ૨ નો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર-૧ અને ૨

તા.૧૫-૦૬-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ખાસ અગત્યનું/ સમય મર્યાદા

ક્રમાંક:મઉમશબ/શા.નિ./ ૨૫૮૫૦-૨૫૯૩૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુનાસચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૫/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
શાસનાધિકારીશ્રી(તમામ)

વિષય:- શાળાઓમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી માહિતી આપવા બાબત.
સંદર્ભ:- ફાયર સેફટીની વીડીઓ કોન્ફરન્સ તા.૧૫/૦૬/૨૦૨૪ થી આપેલ સુચનાઓ

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ ને ધ્યાને લઈ શાળાઓમાં બાળકોની સુરક્ષાના સંદર્ભે શાળામાં ફાયર સેફટીની ચકાસણી કરી સામેલ પત્રક મુજબની માહિતીની Excel શીટ તા.૧૭/૦૬/૨૦૨૪ સુધીમાં gsebsani@gmail.com ઉપર મેઈલ કરવા તેમજ તેની હાર્ડ કોપીમાં સહી-સિક્કા સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે તા.૧૭/૦૬/૨૦૨૪ના રોજ ૧૨.૦૦ કલાકે ઉપસ્થિત રહેવું. તમામ શાળામાં ફાયર સેફ્ટીની ચકાસણી માટે આપની કક્ષાએથી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, શિક્ષણ નિરીક્ષક, કેળવણી નિરીક્ષક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, બી.આર.સી., સી.આર.સી.ને શાળાઓ ફાળવી આપેલ ચેક લિસ્ટ મુજબ ચકાસણી કરવાની રહેશે. જે શાળાઓએ સેલ્ફ ડેક્લેરેશન રજુ કરેલ હોય તે શાળાઓ પાસેથી તેમની શાળા ૯ મીટરથી નીચી છે તેવું સ્વ-પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

આપના તાબા હેઠળ તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા સરકારશ્રીની વખતો-વખતની સૂચના પ્રમાણે ફાયર સેફ્ટી ધરાવે છે કે કેમ? અને જો તેની મુદત પૂર્ણ થઈ ગયેલ હોય તો તેને રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? તેની સ્સ્થળ ઉપર જઈ ચકાસણી કરાવી લેવાની રહેશે.

બીડાણમાં આપેલ ચેક લિસ્ટ મુજબ ૯ મીટર કે ૯ મીટર થી ઓછી ઊંચાઈ ધરાવતી સંસ્થાઓની ઇમારતમાં જરૂરિયાત પ્રમાણેની ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ? તેની તપાસ અધિકારી મારફત રૂબરૂ ચકાસણી કરવાની રહેશે.

રાજ્યની અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના તા.૦૫/૦૬/૨૦૨૧ના પત્રક્રમાંક:સઙ્ફસ/ફ્ન-૮૫.૧/૧૪૯/૨૦૨૧ના પરિપત્ર પ્રમાણે તમામ સુવિધાઓની ચકાસણી કરાવવાની રહેશે.

ઉપરોક્ત સૂચના અને સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ની જોગવાઈઓનું યોગ્ય અમલીકરણ, ચકાસણી કરી તેની તમામ માહિતી સામેલ પત્રકમાં રજૂ કરવાની રહેશે.

ખાસ સૂચના પત્રક-૧ અને ૨ ના બીડાણમાં ફરજીયાત પણે શાળાઓની યાદી મોકલવાની રહેશે.

બીડાણ: પત્રક-૧, પત્રક-૨, પત્રક-૩

(ડૉ.એમ.એન.પટેલ)
નાયબ નિયામક,
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની
કચેરી, ગાંધીનગર

(એન. જી. વ્યાસ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

(વાય.એસ.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક,
નિયામકશ્રી શાળાઓની
કચેરી, ગાંધીનગર

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/ફાયર સેફ્ટી/૨૦૨૪/૯૦૭૦-૯૯૫૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૯/૦૫/૨૦૨૪

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા School Safety Policy 2016 નો ચુસ્ત અમલ કરવા અને ફાયર સેફ્ટી સુનિશ્ચિત કરવા બાબત.

**સંદર્ભઃ**- (૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંકઃ- પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૫૦૮૫ તા. ૧૧/૧૦/૨૦૧૭

(૨) રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સફસ/ફન-૮૫.૧/૧૪૯/૨૦૨૧ તા. ૦૫/૦૬/૨૦૨૧

(૩) સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- એસએસ/સિવીલ/૨૦૨૪ તા. ૨૭/૦૫/૨૦૨૪

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આગામી શૈક્ષણિક સત્ર તા. ૧૩/૦૬/૨૦૨૪ થી શરૂ થનાર છે. તે પહેલા શાળાઓમાં બાળકોની સલામતી અંગેની વ્યવસ્થાની ચકાસણી પૂર્ણ થાય તે જરૂરી છે. આમ, બાળકોની સલામતીના હેતુને ધ્યાનમાં રાખતા, રાજ્યમાં આવેલી તમામ સરકારી તથા અનુદાનિત અને બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળકોની સલામતી સુનિશ્ચિત કરવા બાબતે સંદર્ભ-૧ દર્શિત પત્રથી અત્રેની કચેરી દ્વારા વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલી છે. તથા, સંદર્ભ-૨ ના પત્રથી રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગર દ્વારા ફાયર સેફટી અનુસંધાને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમજ સંદર્ભ- ૩ દર્શિત પત્રથી શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા કચેરી દ્વારા જરૂરી સૂચનાઓ આપેલ છે. ઉકત પત્રોની નકલો આ સાથે સામેલ છે. તેનો પૂરતો અભ્યાસ કરીને નીચે મુજબની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવા જણાવવામાં આવે છે.

આપના તાબા હેઠળ તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભ-૨ ના પત્રના અનુસંધાને આપેલી સૂચનાઓ અનુસાર સંસ્થાઓ દ્વારા FIRE NOC મેળવવામાં આવે છે કે કેમ? અને જો તે તેની મુદ્દત પૂરી થઇ હોય તો તેને રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરાવી લેવાની રહેશે.

સંદર્ભ- ૨ દર્શિત પત્ર સાથે જોડેલ ચેકલીસ્ટ મુજબ ૯ મીટર કે ૯ મીટરથી ઓછી ઊંચાઈ ધરાવતી સંસ્થાઓની ઇમારતમાં લઘુત્તમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબતે આપેલ વિગતો અનુસારની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ? તેની તપાસ અધિકારી મારફત ચકાસણી કરવાની રહેશે. ફાયર એક્સ્ટીગ્યુશર એક્ષપાયર થયેલ છે કે કેમ? તેની પણ ચકાસણી કરવાની રહેશે.

તેમજ સંદર્ભ- ૨ મુજબ રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી દ્વારા જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી હોય તેમજ એમાં જો બેઝમેન્ટ હોય તો તેનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મી.થી વધુ હોય તેવા કિસ્સામાં ફાયર અધિકારી પાસેથી ફાયર સેફટી સર્ટીફિકેટ નિયમાનુસાર મેળવવાનું રહે છે. જે અન્વયે સંસ્થાએ ફાયર સેફટી સર્ટીફિકેટ મેળવેલ છે કે કેમ? તેની ચકાસણી તપાસ અધિકારી મારફત કરવાની રહેશે.

ઉકત વિગતો ચકાસતા જો કોઈ ઉણપ જણાય તો બાળકોની સલામતીને ધ્યાને રાખી તાત્કાલિક વ્યવસ્થા કરવા લેખિતમાં સૂચના આપવાની રહેશે, અને તેની એક નકલ તપાસ અધિકારી પાસે રહેશે. જે આપની કચેરીમાં જમા રાખવાની રહેશે.

નામ. સુપ્રિમ કોર્ટના WRIT PETITION (C) NO. 483/2004 તા.૧૪/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારી પોતાના કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓમાં School Safety Policy-2016 ના અમલીકરણ માટે નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. તે ધ્યાનમાં રાખી ઉપરોક્ત સૂચનાઓ અને School Safety Policy-2016ની જોગવાઈઓનું યોગ્ય અમલીકરણ, યોગ્ય ચકાસણી અને કોઇ સંસ્થા દ્વારા તેનો ભંગ ન થાય તે જોવાની આપની જવાબદારી છે. તેથી બાળકોની સલામતીને ધ્યાનમાં રાખી ઉકત વિગતે તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ચકાસણી કરીને આ સાથે સામેલ નમૂના મુજબનું પ્રમાણપત્ર તા. ૧૧/૦૬/૨૦૨૪ સુધીમાં પ્રાથમિક શાળાઓની વિગતો માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના ઇમેઇલ sankalan.dpe.guj@gmail.com પર તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગતો માટે નિયામકશ્રી, શાળાઓની કચેરીના ઇમેઇલ dosgujarat@gmail.com પર મોકલી આપવા સૂચના આપવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નિયામક<br>પ્રાથમિક શિક્ષણ<br>ગુ.રા.ગાંધીનગર

નિયામક<br>શાળાઓની કચેરી<br>ગુ.રા. ગાંધીનગર

29/5/2024

**નકલ સવિનય રવાનાઃ-**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી, (પ્રા. અને મા.) શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

# પ્રમાણપત્રનો નમૂનો

## પ્રમાણપત્ર- ૧

## સંસ્થા પાસેથી મેળવવું

## (ફાયર સેફટી)

હું ______________________(સંસ્થાના પ્રમુખ/મેનેજિંગ ટ્રસ્ટી) પ્રમાણપત્ર આપું છું કે, અમારા ___________ ટ્રસ્ટ/કંપની દ્વારા _____________________પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા ધો. ___થી _____ ચલાવવામાં આવે છે. જેમાં શાળાનું બિલ્ડીંગ ૯ મીટર કરતા વધારે ઊંચાઈ ધરાવતું હોય અમોએ ________________ ઓથોરિટી પાસેથી FIRE NOC મેળવેલ છે અને તે મુજબની તમામ વ્યવસ્થા ચાલુ હાલતમાં છે. કોઈપણ આપત્તિ સમયે તે સાધનોનો ઉપયોગ કરવાની સ્ટાફને તાલીમ પણ આપવામાં આવેલ છે. તેની ખાતરી બદલ હું આ પ્રમાણપત્ર આપું છું. મારી આપેલી માહિતી ખોટી સાબિત થશે તો તે માટે મારી જવાબદારી રહેશે તેની હું બાહેધરી આપું છું.

**અથવા**

**સેલ્ફ ડિકલેરેશન વાળી સંસ્થા માટેનું પ્રમાણપત્ર**

હું ______________________(સંસ્થાના પ્રમુખ/મેનેજિંગ ટ્રસ્ટી) પ્રમાણપત્ર આપું છું કે, અમારા ___________ ટ્રસ્ટ/કંપની દ્વારા _____________________પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા ધો. ___થી ____ ચલાવવામાં આવે છે. જેમાં શાળાનું બિલ્ડીંગ ૯ મીટર / ૯ મીટર કરતા ઓછી ઊંચાઈ ધરાવે છે. અમોએ રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના પરિપત્ર તા. ૦૫/૦૬/૨૦૨૧ માં કરેલ જોગવાઇ મુજબ સુવિધા ઊભી કરેલ છે. જે અન્વયે સક્ષમ ઓથોરીટી પાસે સેલ્ફ ડિકલેરેશન રજુ કરેલ છે અને તે મુજબની તમામ વ્યવસ્થા ચાલુ હાલતમાં છે. કોઈપણ આપત્તિ સમયે તે સાધનોનો ઉપયોગ કરવાની સ્ટાફને તાલીમ પણ આપવામાં આવેલ છે. તેની ખાતરી બદલ હું આ પ્રમાણપત્ર આપું છું. મારી આપેલી માહિતી ખોટી સાબિત થશે તો તે માટે મારી જવાબદારી રહેશે તેની હું બાહેધરી આપું છું.

પ્રમાણપત્ર આપનારની સહી
સંસ્થાનો સિકકો

નામઃ-
સરનામુઃ-
મોબાઇલ નં.
Email ID:-
તારીખઃ-

મારી રૂબરૂ
તપાસ કરનાર
અધિકારીનું નામ/હોદ્દો
મોબાઇલ નં.

<u>પ્રમાણપત્રનો નમૂનો</u>

<u>પ્રમાણપત્ર- ૨</u>

<u>તપાસ કરનાર અધિકારીનું પ્રમાણપત્ર</u>

<u>(ફાયર સેફટી)</u>

આથી હું ____________________ હોદ્દો ________________ સંસ્થા ______________ પ્રમાણપત્ર આપું છું કે, મેં ______________________________ શાળાની રૂબરૂ મુલાકાત લીધેલ છે અને તે શાળાના મકાનની ઊંચાઈ ૯ મીટર કરતા વધારે છે / ૯ મીટર કે તેથી ઓછી છે તે શાળા પાસે તા. ______ ની FIRE NOC ઉપલબ્ધ છે / સેલ્ફ ડિકલેરેશન મુજબના સાધનો વપરાસી હાલતમાં ઉપલબ્ધ છે. જેની મેં જાતે કરાઈ કરેલ છે તથા શાળામાં તે મુજબના સાધનો જોયા છે અને જરૂરી બાહેધરી મેળવેલ છે.

નામઃ-

સરનામુઃ-

હોદ્દોઃ-

મોબાઇલ નં.

Email ID:-

તારીખઃ-

સહી/

સિક્કો

## પ્રમાણપત્રનો નમૂનો

### પ્રમાણપત્ર- ૩

### જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારીનું પ્રમાણપત્ર

### (ફાયર સેફટી)

તારીખઃ-

આથી હું ________________ હોદ્દો ______________ સંસ્થા ____________ પ્રમાણપત્ર આપું છું કે. અમારા કાર્યક્ષેત્રમાં _______સરકારી ____________અનુદાનિત ____________ બિન અનુદાનિત પ્રાથમિક શાળાઓ આવેલી છે. જે તમામનું તા. ૨૯/૦૫/૨૦૨૪ ના પત્ર અનુસાર ચકાસણી પૂર્ણ કરેલ છે. જેના સંસ્થાના અને તપાસ અધિકારીના પ્રમાણપત્રો અત્રેની કચેરીના દફતરે રાખેલ છે. કોઈપણ સંસ્થાની ચકાસણી કરવાની બાકી નથી જે સંસ્થામાં રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના તા. ૦૫/૦૬/૨૦૨૧ ના પત્ર ની સૂચના અનુસાર જે કોઈ ઉણપો છે તે શાળાના વેકેશન ખુલતા પહેલા પૂર્ણ કરવામાં આવશે તે બાબત સુનિશ્ચિત કરવાની બાહેધરી આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/
શાસનાધિકારીની સહી/સિક્કો